# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 11-Dec-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, જો ગૃહમાં સર્વસંમતિ હોય તો સરકાર કૃત્રિમ બુધ્ધિમત્તાનાં સંચાલન માટેનો કાયદો બનાવવા તૈયાર છે.
- ✓ પ્રધાનમંત્રી મોદી આજે સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન 20024ની ફાઇનલમાં યુવા સંશોધકો સાથે સંવાદ કરશે
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર એનાયત કરશે.
- ✓ વિરોધ પક્ષોનાં શોરબકોરને પગલે રાજ્યસભાની કાર્યવાહી આવતી કાલ પર અને લોકસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી મુલતવી
- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે વૈશ્વિક શાંતિ માટે વિશ્વભરની સરકારો અને ઉદ્યોગોએ સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *ASHWINI VAISHNAW- AI LAW*

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે, જો ગૃહમાં સર્વસંમતિ હોય તો સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નાં સંચાલન માટેનો કાયદો બનાવવા માટે તૈયાર છે. આજે લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબમાં શ્રી વૈષ્ણવે કહ્યું, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને AI આધારિત નીતિમત્તા પર કાયદાકીય માળખા વચ્ચે સંતુલન જાળવવાની જરૂર છે. તેમણે કહ્યું કે, મોદી સરકાર ટેક્નોલોજીના લોકશાહીકરણમાં માને છે અને તેણે સૌથી ગરીબના હાથમાં ટેક્નોલોજી આપી છે. તેમણે કહ્યું કે, દેશમાં એક વ્યાપક ભારત AI મિશન શરૂ કરવામાં આવ્યું છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, એઆઇ ફ્યુચર સ્કિલ્સ પ્લેટફોર્મ પર 8 લાખ 60 હજાર લોકોએ નોંધણી કરાવી છે.

## *PUNJAB-HACKATHON*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે સ્માર્ટ ઈન્ડિયા હેકાથોનની 2024 ની ફાઇનલમા વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા યુવા સંશોધકો સાથે વાર્તાલાપ કરશે. પ્રધાનમંત્રી એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જણાવ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોથી સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન દેશના યુવાનોને પ્રોત્સાહન પૂરૂં પાડતા મંચ તરીકે ઊભરી આવ્યું છે.

સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2024 ની 7મી આવૃત્તિની ગ્રાન્ડ ફિનાલે – સોફ્ટવેર સંસ્કરણ પંજાબની બે શૈક્ષણિક સંસ્થાઓમાં શરૂ થઈ ગઈ છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને તેનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યું. ફગવાડા, પંજાબમાં લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી 37 ટીમોમાંથી 222 પ્રતિભાગીઓની યજમાન છે.

આ કાર્યક્રમ ચંદીગઢ નજીક મોહાલીમાં ચંદીગઢ કોલેજ ઓફ એન્જિનિયરિંગ-CECમાં પણ શરૂ થયો છે. CEC દેશભરના 11 અલગ-અલગ રાજ્યોમાંથી એકસો 68 વિદ્યાર્થીઓ અને ટ્રેનર્સની 25 પ્રતિભાશાળી ટીમોને મેજબાની કરી રહ્યું છે. આ બે

દ્વિતીય ગ્રાન્ડ ફિનાલેનું આયોજન શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. દેશભરના 51 કેન્દ્રો પર 49 હજાર વિદ્યાર્થીઓની ટીમો ભાગ લઈ રહી છે.

## *PM-TAMIL-POET*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાન તમિલ કવિ અને સ્વાતંત્ર્ય સેનાની સુબ્રમણ્યમ ભારતીને તેમની જન્મજયંતીએ શ્રદ્ધાંજલી આપી છે.

શ્રી મોદી આજે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને સંપૂર્ણ રચનાઓના સંગ્રહનું વિમોચન કરશે. સુબ્રમણ્યમ ભારતીના લખાણોએ લોકોમાં દેશભક્તિ જગાડી, ભારતીય સંસ્કૃતિ અને દેશની આધ્યાત્મિક વારસાનો સાર લોકો સુધી એવી ભાષામાં લખ્યો હતો. તેમની સંપૂર્ણ કૃતિઓના 23 ગ્રંથોના સમૂહનું સંકલન અને સંપાદન સીની વિશ્વનાથન દ્વારા કરાયું છે અને એલાયન્સ પબ્લિશર્સ દ્વારા પ્રકાશિત કરાયું છે. તેમાં સુબ્રમણયમ ભારતીના લખાણોની આવૃત્તિઓ, સમજૂતીઓ, દસ્તાવેજો, પૃષ્ઠભૂમિની માહિતી અને દાર્શનિક પ્રસ્તુતિની વિગતો છે.

## *PM-PRANAB MUKHERJEE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આજે ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ પ્રણવ બાબુને અનોખા વ્યક્તિ, ઉત્કૃષ્ટ રાજનેતા, અદભૂત વહીવટકર્તા અને શાણપણના ભંડાર સમાન ગણાવ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતના વિકાસમાં પ્રણવ મુખર્જીનું યોગદાન નોંધપાત્ર છે. શ્રી મોદીએ જણાવ્યું કે શાસનના બહોળા અનુભવ અને ભારતની સંસ્કૃતિ તેમજ નૈતિકતા વિશેની ઊંડી સમજને કારણે પ્રણવ મુખર્જીને તમામ ક્ષેત્રોમાં સર્વસંમતિ બનાવવાનાં આશીર્વાદ પ્રાપ્ત હતા.

ગૃહમંત્રી અમિત શાહે શ્રધ્ધાંજલિ આપતા જણાવ્યું કે પ્રણવ દાએ રાષ્ટ્રીય શાસનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## *PM GEETA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગીતા જયંતિ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ લખ્યુ કે, આ પાવન પર્વને ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મ અને પરંપરાનું માર્ગદર્શન કરનારા ગ્રંથની જયંતિ તરીકે ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રીએ ભગવાન શ્રીકૃષ્ણને યાદ કર્યા. તેમજ શ્રીમદ્ ભગવદ્ ગીતા તમામ લોકોને કર્મયોગનો માર્ગ બતાવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફૉલો કરી શકો છો.

## *PREZ NATIONAL PANCHAYAT AWARDS*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર એનાયત કરશે. આ વર્ષે પુરસ્કાર માટે પાયાના સ્તર પર શાસન અને સમાજના વિકાસની વ્યાપક સિદ્ધિઓને દર્શાવતી વિવિધ શ્રેણીઓમાં કુલ 45 લોકોને પસંદ કરાયા છે, જેમાં ગુજરાતનાં એક પુરસ્કારનો પણ સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની વાવકુલ્લી ગ્રામ પંચાયતને સુશાસન ધરાવતી પંચાયત શ્રેણીમાં પુરસ્કાર મળ્યો છે. આ વર્ષે સ્પર્ધામાં 1 લાખ 94 હજાર ગ્રામ પંચાયતોએ

ભાગ લીધો હતો. કુલ પુરસ્કાર વિજેતાઓમાં 42 ટકા પંચાયતોમાં મહિલાઓની આગેવાની છે.

સમારોહ દરમિયાન પંચાયતીરાજ મંત્રી પુરસ્કાર વિજેતા પંચાયતોની નવીન અને અસરકારક કાર્ય પ્રણાલિઓ અંગે એક પુસ્તિકાનું અનાવરણ કરશે.

## REVISE LOK SABHA RAJYASABHA

સત્તાપક્ષ અને વિપક્ષના સાંસદો વચ્ચે વિવિધ મુદ્દે સંસદનાં બંને ગૃહમાં હોબાળો થયો હતો. રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલે સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે, જ્યારે લોકસભાની કાર્યવાહી બપોરે બે વાગ્યા પર મુલતવી રાખવામાં આવી છે.

સવારે રાજ્યસભાનું સત્ર શરૂ થયું ત્યારે સભાપતિ જગદીપ ધનખડે વિપક્ષના સાંસદોએ વિવિધ મુદ્દાઓ પર ઉઠાવેલી દરખાસ્તોને ફગાવી દીધી હતી. સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ સભાપતિ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની વિપક્ષની માગની ટીકા કરી હતી. તેમણે કહ્યું, 'કૉંગ્રેસે આ માટે માફી માગવી જોઈએ અને સરકાર સભાપતિની છબી ખરાબ કરનારા દરેક પ્રયાસને નિષ્ફળ બનાવશે.'

શ્રી ધનખડના યોગદાનની પ્રશંસા કરતાં શ્રી રિજિજૂએ કહ્યું, ઉપ-રાષ્ટ્રપતિએ હંમેશા બંધારણના મૂલ્યો અને આદર્શોનું સન્માન કર્યું છે અને તેમના પદની ગરિમા જાળવવી જોઈએ.

## FM CII EVENT

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે આજે વૈશ્વિક શાંતિ જાળવી રાખવા માટે વિશ્વભરની સરકારો અને ઉદ્યોગોએ સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નવી દિલ્હીમાં વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે દાયકાઓની પ્રાથમિકતાઓના વિષય પર વૈશ્વિક આર્થિક નીતિ મંચમાં ઉપસ્થિત લોકોને સંબોધિત કરતાં

નાણામંત્રીએ કહ્યું, 'આ દાયકામાં વૈશ્વિક પ્રાથમિકતાઓએ સામાન્ય સ્થિતિને પુનઃસ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.' આ કાર્યક્રમનું આયોજન ભારતીય ઉદ્યોગ સંઘ- C.I.I. દ્વારા કરાયું હતું. સુશ્રી સીતારમણે કહ્યું, યુદ્ધ અને વિક્ષેપો પૂરવઠાની સાંકળને અવરોધરૂપ માટેના મુખ્ય કારણ હોવાથી તેના તેનાથી બચવું જોઈએ.'

નાણામંત્રીએ ઉમેર્યું, 'સમગ્ર વિશ્વ માટે ફુગાવો એ મુખ્ય પડકાર છે અને તેનું પ્રાથમિક કારણ પૂરવઠામાં વિક્ષેપ છે.' તેમણે કહ્યું, 'સામાન્ય સ્થિતિ યથાવત્ કરવા માટે ઉદ્યોગો, સરકારો, નીતિ નિર્માતાઓ, નાગરિકો અને નાગરિક મંચોએ મળીને કામ કરવું જરૂરી છે.'

આ કાર્યક્રમમાં ભૂતાનના નાણામંત્રી લિયોનપો લેકે દોર્જી, માલદીવના નાણામંત્રી મુસા જમીર, નાણા સચિવ તુહિનકાન્ત પાંડે અને A.I.I.ના અધ્યક્ષ સંજીવ પૂરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## *BANGLADESH-MINORITY INCIDENTS*

બાંગ્લાદેશમાં આ વર્ષે 5 ઓગસ્ટથી 22 ઓક્ટોબર સુધીમાં લઘુમતીઓ સાથે સંબંધિત ઘટનાઓમાં કુલ 88 કેસ દાખલ કરવામાં આવ્યા છે અને આ સંબંધમાં 70 લોકોની ધરપકડ કરવામાં આવી છે, એમ મુખ્ય સલાહકારના પ્રેસ સચિવ શફીકુલ આલમે જણાવ્યું હતું.

સુનામગંજ, નરસિંગદી, ચટ્ટોગ્રામ અને ઢાકામાં લઘુમતીઓ પર થયેલા તાજેતરના હુમલાઓનો ઉલ્લેખ કરીને, તેમણે કહ્યું કે કે આ સ્થળોએ કેટલીક નવી ઘટનાઓ બનવાથી ધરપકડ અને કેસોની સંખ્યા વધશે. તેમણે જણાવ્યું કે, "બાંગ્લાદેશમાં આવી હિંસા અને ઘૃણાસ્પદ કૃત્યો કરનારા તમામ સામે કાયદા મુજબ પગલાં લેવાશે", તેમણે કહ્યું કે, રાજકીય ઓળખના આધારે કોઈની ધરપકડ કરવામાં

આવતી નથી. જે કોઈ શંકાસ્પદ અથવા આરોપી છે તેનાં પર કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે.."

## WOMEN CRICKET- AUS IND

મહિલા ક્રિકેટમાં, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચોની શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ હાલ પર્થનાં W.A.C.A ગ્રાઉન્ડ ખાતે ચાલી રહી છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે ઓસ્ટ્રેલિયાએ 43 ઓવરમાં 5 વિકેટે 226 રન કર્યા છે. ફોએબી લિચફિલ્ડ અને જ્યોર્જિયા વોલ વચ્ચે 50 રનની પ્રારંભિક ભાગીદારી બાદ ભારતના અરુંધતિ રેડ્ડીએ ઓસ્ટ્રિલિયાની એક પછી એક ચાર વિકેટ ખેરવી હતી. અગાઉ ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે ટોસ જીતીને ઓસ્ટ્રેલિયાને બેટિંગ માટે આમંત્રણ આપ્યું હતું.

ઓસ્ટ્રેલિયા આ શ્રેણીમાં 2 શૂન્યથી આગળ છે. તેણે પ્રથમ મેચ પાંચ વિકેટ અને બીજી મેચ 122 રનનાં અંતરથી જીતી લીધી હતી.